## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




દંડનુ ચાલુ જ રાખવાનું છે... હવે માસ્કની જગ્યાએ હેલ્મેટ વગરનાને પકડવાના...

# શિપિંગ કંપનીના ૫૦ લાખના ૧૦ કન્ટેનર યાર્ડના માલિકે વેચી મારી રોકડી કરી લીધી

### છેલ્લા સાત મહિનાથી યાર્ડમાં કન્ટેનર પડ્યા હતા, કંપની ભાડુ પણ ચુકવતી હતી, કંપનીની જાણ બહાર યાર્ડ માલિકે બારોબાર વહીવટ કરી દીધો

ગાંધીનગર, તા.૬

અમદાવાદ સ્થિત ઈમ્પોર્ટ એકસપોર્ટના વેપાર સાથે સંકળાયેલી શિપિગ કંપનીના ૧૦ કન્ટેનર ખોરજ કન્ટેનર યાર્ડમાં મુકી રાખ્યા હતા. ત્યારે શિપિંગ કંપનીની જાણ બહાર રૂ.૫૦ લાખના કન્ટેનર યાર્ડના માલિકે બારોબાર વેચી મારીને કંપની સાથે વિશ્વાસઘાત કરતા અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ મકરબા વોડાફોન હાઉસ સામે ટીટેનીયમ હાઈટ્સમાં વિન મેરીટાઈમ કંપનીની ઓફિસ આવેલી છે. જેમાં આસીસ્ટન્ટ બ્રાંચ મેનેજર તરીકે છેલ્લા ચાર વર્ષથી મંથન મહેન્દ્ર શાહ ફરજ બજાવે છે. વિનવિન મેરીટાઈમ કંપની શિંપિગ લાઈનું કામકાજ કરે છે. કંપની દ્વારા એલાઈડ કન્ટેનર્સ લાઈન (એસીએલ) કંપની અન્ય કંપનીઓ પાસેથી ભારત લેવલના કામની શીપીંગલાઈનની એજન્સી રાખી છે. જેમાં વિનાવિન કંપની ભારતમાંથી અન્ય દેશોમાં તથા અન્ય દેશમાંથી આવતો માલ સામાન ભારતમાં વિવિધ જગ્યાએ ઈમ્પોર્ટ એકસપોર્ટ કરવાનું કામ-કાજ કરે છે.કંપનીનુ ઈમ્પોર્ટ એક્ષપોર્ટનું કામકાજ હોવાથી માલ સામાન શીપ દ્વારા કંન્ટેનરોમાં આવતો જતો હોય છે. ત્યારે તેમની કંપનીના ખાલી કન્ટેનર્સ છેલ્લા સાત આઠ વર્ષથી ગાંધીનગર ખોરજ ખોડીયાર સ્ટેશન રોડ પર જયકાળી ન્કન્ટેનર્સ સર્વિસીઝના યાર્ડમાં મુકવામાં આવતા હતા.જે પેટે ભાડુ પણ જયકાળી કંપનીને ચુકવી દેવામાં આવતુ હતું. જો કે ઓગસ્ટ-૨૦૨૧ માં અમુક કન્ટેનર પરત મળ્યા ન હતા. જેથી જયકાળી કંપનીના માલિક સચિન રાજકુમાર સરીન (રહે.ગંગારામ ફલેટ સાબરમતિ અમદાવાદ) સાથે વાતચીત કરી હતી. તે સમયે તેણે યાર્ડમાં મુકેલા કન્ટેનર શોધીને પરત કરી દેવાનો વિશ્વાસ આપ્યો હતો. પરંતુ સમય જતા સચિન સરિનને કન્ટેનર અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપતો ન હતો. જેથી શિપિંગ કંપનીના આસી.મેનેજર મંથન શાહે કન્ટેનર અંગ સચિન સાથે વાત કરતા તેણે ૧૦ કન્ટેનર વેસ્ટર્ન કેરીયર કંપનીને વેચી માર્યાની કબુલાત કરી હતી. જેથી આ અંગે ખુલાસો લેખિતમાં માંગવામાં આવતા સચિન સરીને શિપિગ કંપનીને ઈમેલથી જાણ પણ કરી હતી. બાદમાં વેસ્ટર્ન કંપનીના ઓથોરાઈઝ વ્યકિત સાથે મંથન શાહે વાર્તાલાપ કરતા કંપનીને જણાવ્યું કે સચિને ૧૦ કન્ટેનર વેચાણ આપ્યા છે અને તેના રૂપીયા પણ ચુકવી દેવાયા છે. ત્યારે કંપની દ્વારા કન્ટેનર અથવા તો પૈસા ચુકવી દેવા ઉઘરાણી કરવા છતા સચિન સરીન આજદીન સુધી શિપિંગ કંપનીને ચુકવણું કરવામાં આવ્યું નથી. જેથી મંથન શાહની ફરીયાદ પગલે અડાલજ પોલીસે રૂ.૫૦ લાખની કિંમતના ૧૦ કન્ટેનર વેચી મારનાર સચિન સરીન સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- અમૂલ છાશનો ભાવ એક કોથળીનો રૂ. ૧૫ થતાં ઉનાળાના પીણા તરીકે ઓળખાતા છાશમાં બે રૂ.નો વધારો નગરજનોને અસહ્ય લાગ્યો છે.
- ગુલીયન બારો સિન્ડ્રોમ સહિત અન્ય બાબતોને લઈ આજે જિલ્લા આરોગ્યતંત્ર ફાર્માસીસ્ટ અને અન્ય સંવર્ગના કર્મયોગીઓને તાલિમ આપશે.
- ઈન્ટરનેશનલ એસો. ફોર સાયન્ટીફિક સ્પિરિચ્યુલિઝમ પેરક અને માનસ યોગ સાધના દ્વારા ૧૩મી માર્ચના રોજ એક દિવસીય અધ્યાત્મ વિકાસ શિબિરનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામે લેઉઆ પાટીદાર સમાજ સાંસ્કૃતિક હોલમાં નવા ચૂંટાયેલા સરપંચ અને સભ્યો અને પૂર્વ સરપંચોનું સ્નેહમિલન યોજાયુ હતુ.
- આજે ભારતે શ્રીલંકા સામે તેમજ મહિલા ક્રિકેટ ટીમે પાક. સામે વિજય મેળવતા નગરના ક્રિકેટ રસિયાઓમાં આનંદનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.
- દહેગામના બે સહિત પાંચ શખ્સો પ્રાંતિજ પંથકની ૧.૪૦ કરોડની ઘરફોડમાં ઝડપાયા.
- પોલીસ સબ ઈન્સ્પેકટરની આજે યોજાયેલ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.
- આવી રહેલ હોળી પર્વને લઈ વિવિધ ગિફ્ટ હેમ્પરોનું બજારમાં આગમન થયુ છે.
- ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સફાઈની સમસ્યા અને દબાણોના મુદ્દે તંત્ર અસરકારક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.
- સ્ટ્રીટ વેન્ડર પોલીસીના અમલની વાતો બજેટમાં થઈ છે પણ જાહેર માર્ગો પર વેચાણ કરનારાઓની સંખ્યા સતત વધી રહી છે.

## મહુન્દ્રા પાટીયા નજીક અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મહુન્દ્રા પાટીયા નજીક અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા યુવકને ટકકર મારી હતી. ટકકર વાગતા યુવક જમીન પર પટકાયો હતો.જયારે ગંભીર ઈજાને યુવકનું મૃત્યુ નિપજયું હતું. જયારે ટકકર મારી વાહન ચાલક નાસી ગયો હતો.જયારે અજાણ્યા મૃતક યુવકનું પીએમ કરાવી ગુનો નોંધી ચિલોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગતર મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર મહુન્દ્રા પાટીયા નજીક ગતરોજ સાંજના સમયે યુવક ચાલતો જઈ રહ્યો હતો તે સમયે અજાણ્યા વાહન ચાલકની અડફેટે આવી ગયા હતો.

અકસ્માત સર્જીને વાહન ચાલક નાસી ગયો હતો. જયારે યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવની જાણ થતા ચિલોડા પોલીસ મથકના જવાનો તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી તપાસ શરુ કરી હતી. પરંતુ પોલીસને યુવક મૃત હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસે મૃતદેહ ગાંધીનગર સિવિલ લઈ જઈ પીએમ કરાવી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં જાહેરમાં કચરો સળગાવવાની પ્રવૃત્તિ બંધ થાય તે ખુબ જ જરૂરી છે. આ પ્રવૃત્તિ ખુબ જ હાનીકારક છે. શ્વાસ લેવામાં પણ ખુબ જ તકલીફ પડે તેવી હાલત થઈ જાય છે. હાલમાં શહેરમાં પાંદડાઓનો કચરો ખુબ જ થાય છે. જેને જાહેરમાં સળગાવવામાં આવતા વાયુ પ્રદૂષણ ફેલાય છે.

## શહેરના સેકટર-૪ માં ઘરમાંથી દારૂની બોટલો મળી : ૩ સામે ફરીયાદ

શહેરના સેકટર-૪ માં રહેણાંક મકાનમાંથી દારૂની બોટલો મળી આવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસને વિદેશી દારૂનો છુટક વેપાર કરતા હોવાની બાતમી મળી હતી. પોલીસને બાઈક પર લટકી રહેલી થેલીમાંથી બે બોટલ અને ઘરના કબાટમાંથી વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. જેથી પોલીસે બાઈક, દારુ મળી કુલ રૂ.૨૩ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ પોલીસને બાતમી મળી હતી કે સેકટર-૪ પ્લોટ નં.૫૧૧-૧ ખાતે રહેતા પતિ-પત્ની ઘરમાં વિદેશી દારૂ રાખીને છુટક વેચાણ કરે છે. જેથી પોલીસ બાતમીવાળી જગ્યાએ પહોંચી હતી. તે સમયે એક શખ્સ બાઈક નં.જી.જે.૧૮.સી.પી.-૪૪૮૫ સાઈડ આવેલા હુકમાં થેલી લગાવી નીકળ્યો હતો. જો કે તે શખ્સ પોલીસને જોઈ જતા બાઈક મુકીને નાસી ગયો હતો. જેથી બાઈકમાં લગાવેલી થેલીમાં તપાસ કરતા પોલીસને બે બોટલ મળી આવી હતી.જયારે ઘરમાં તપાસ કરતા કબાટમાંથી વધુ વિદેશી દારુની બોટલો મળી આવી હતી. જેથી પોલીસે મકાનમાં રહેતા કેતન દરજી અને રીંકુ દરજી સામે વધુ તપાસ હાથ ધરી હતી.જયારે ઘરમાં દારૂ સેકટર-૨૪ ખાતે રહેતા અશોક શર્મા દ્વારા મુકવામાં આવ્યો હોવની હકીકત સામે આવતા તેની સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે દારુ,બાઈક મળી કુલ રૂ.૨૩,૬૪૦ નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધાયો છે.

## ધોળેશ્વર નજીક કારમાંથી લેપટોપની ચોરી

ગાંધીનગર,તા.૬

શિવરાત્રીના દિવસે શહેરને અડીને આવેલા ધોળેશ્વર મંદિર ખાતે ભકતોની ભારે ભીડ હોય છે. જેથી ભોળાનાથના દર્શન કરવા ગયેલા પરિવારને કાર મંદિર થી દુર સોસાયટીના ગેટ પાસે ઉભી રાખી હતી. ત્યારે પરિવાર દર્શન કરીને પરત ફરે ત્યાં સુધીમાં તકનો લાભ લઈ ચોર શખ્સોએ કારમાંથી લેપટોપ અને અન્ય ચીજવસ્તુની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ચોકડી પાસે અક્ષત આઈકોન માં રહેતા પ્રશાંત નટવરલાલ પંચાલ ગત શિવરાત્રીના રોજ સાંજે પરિવાર સાથે કાર નં. જી.જે.૦૧.એચ.આર.-૨૦૫૪ લઈને ધોળેશ્વર મહાદેવ મંદિર દર્શન માટે ગયા હતા. પરંતુ ધોળેશ્વર મંદિર સુધી જવાની જગ્યા ન હોવાથી માર્ગમાં ગાયત્રી રેસીડેન્સી નજીક કાર પાર્ક કરી હતી. ત્યારબાદ પરિવારના સભ્યો દર્શન કરવા માટે ગયા હતા.પરંતુ શિવરાત્રી હોવાથી ધોળેશ્વર મંદિર ભકતોની ભારે ભીડ હોવાથી દર્શન કરવા માટે લાંબી લાઈન લાગી હોવાથી પરિવારના સભ્યો મંદિર બહારથી જ મહાદેવના દર્શન કરી કાર પાસે પરત ફર્યા હતા.આ દરમિયાન અંધારૂ થઈ ગયું હતું.જયાર માર્ગમાં પ્રશાંતભાઈના બાળકોએ રમકડા ખરીદી માટે જીદ કરતા તેઓએ ગાડીમાં પડેલી પોતાની બેગ લેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે બેગ મળી આવી ન હતી. જયારે લેપટોપ અને તેમના પત્નીની બેગ પણ ગાયબ હતી.બેંકના ક્રેડીટ કાર્ડ પણ હતા તે તાત્કાલીક બંધ કરાવ્યા હતા. ત્યારે તસ્કરોએ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલીને કળા કરી ગયા હોય તેમ લાગી રહ્યું હતું. કારણ કે કારને કોઈ નુકશાન થયું ન હતું. બનાવ અંગે પ્રશાંત પંચાલે ઈન્ફોસીટી પોલીસ મથકે અજાણ્યા તસ્કરો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## પેથાપુર ચોકડી પાસે ડમ્પર-એકટીવા વચ્ચે અકસ્માત : મહિલાને ઈજા

ગાંધીનગર,તા.૬

મહેસાણા લગ્નમાં હાજરી આપીને અમદાવાદ પરત ફરી રહેલા દંપતિને પેથાપુર ચોકડી પાસે અકસ્માત નડ્યો હતો. પેથાપુર ચોકડી પાસે સાંજના સમયે ડમ્પર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ડમ્પર હંકારી એકટીવા પર સવાર દંપતિને અડફેટે લેતા તેઓ નીચે જમીન પર પટકાયા હતા. એકટીવા તેમજ મહિલાનો પગ ટાયરમાં ફસાઈ જતા જમણા પગના નળાના ભાગે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે.જયારે અકસ્માત બાદ ડમ્પર ચાલક ભાગી જતા તેની સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મુળ ઈન્દ્રોડા ગામના અને હાલ નવાવાડજ લક્ષ્મીનગર ખાતે મેરુભાઈ કેશલવાલ રાવળ (ઉં.૫૨) પોતાના પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી જીવન ગુજરાન ચલાવે છે. તેમની પાસે જી.જે.૦૧.એન.એકસ.-૫૦૨૮ નંબરનું એકટીવા છે જેનો ઉપયોગ ઘરના કામકાજ કરવા માટે થાય છે. ત્યારે ગત તા.૪ માર્ચના રોજ એકટીવા લઈ દંપતિ અમદાવાદ થી ડાંગરવા લગ્ન પ્રસંગમાં હાજર આપવા માટે ગયા હતા. લગ્ન પ્રસંગ પૂર્ણ કરીને તેઓ ૩ વાગે ઘરે જવા માટે પરત ફર્યા હતા. પેથાપુર ખાતે વેવાઈ રહેતા હોવાથી તેઓને મળવા માટે જવાનું હોવાથી એકટીવા રાંધેજા થી પેથાપુર માર્ગ પર હંકાર્યું હતું. ત્યારે સાંજના પાંચ વાગ્યાના અરસામાં પેથાપુર ચોકડી આવતા ડમ્પર ચાલકે પોતાનું ડમ્પરનં જી.જે. ૧૮.બી.ટી. ૮૮૫૯ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી એકટીવાની ઓવરટેક કરી ડમ્પર મહુડી બાજુ વળાંક લેતા એકટીવા સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં દંપતિ એકટીવા સાથે નીચે પટકાયા હતા.જયારે મહિલાનો જમણો પગ તેમજ એકટીવા ડમ્પરના ટાયરમાં ફસાઈ ગયા હતા. જેથી ડમ્પરના ચાલકે ડમ્પર પાછળની બાજુએ લેતા એકટીવા અને ફસાઈ ગયેલો પગ બહાર નીકાળીને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયા સારવાર બાદ એકસ રે પડાવતા જમણા પગે નળાના ભાગે ફ્રેકચર હોવાનુ નિદાન થયું છે. બનાવ અંગે ડમ્પર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ઈસનપુર મોટા ગામે સહકાર સેતુ મધુર પાર્લરનું ઉદ્દઘાટન કરાયું

ચિલોડા, તા. ૬




ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (મધુર ડેરી) ગાંધીનગરના ઉપક્રમે ઈસનપુર મોટા ગામે 'સહકાર સેતુ મધુર પાર્લર'નું ઉદ્દઘાટન કનકસિંહ રાણાના હસ્તે કરવામાં આવ્યું. જેમાં ગામ આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહીનો આ કાર્યક્રમની શોભા વધારી હતી.

## ડભોડા ગામે ૭ થી ૧૩ માર્ચે ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ડભોડા ગામે તારીખ ૭ થી ૧૩ માર્ચ સુધી સાત દિવસીય ભાગવત કથાનું ભવ્ય આયોજન ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. જે ડભોડા ગામે તીર્થ ભારતગેસ, ગોડાઉન રેલવે સ્ટેશન સામે બપોરે ૧ થી ૪ કલાકે કથા યોજાશે. પટેલ પરિવાર દ્વારા સૌ ભક્તજનોને હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

## ચિલોડા પંથકમાં બટાકા કાઢવાની સીઝન પુરજોશમાં



ચિલોડા, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પંથકમાં ચાલુ સાલે શાકભાજીનો રાજા ગણાતા બટાકાનું વાવેતર વધુ થવા પામ્યું હતું. જેમાં ચિલોડા, ઈસનપુર મોટા, ચંન્દ્રાલા, શિવપુરાકંપા, જાખોરા તેમજ દહેગામ તાલુકાના ગામોમાં બટાકાના વાવેતરમાં ખેડૂતોએ જબરજસ્ત રસ દાખવ્યો હતો. ત્યારે પહેલા પોખરાજ બાદશાહ, લોકર, પેમ્પી જાતના બટાકાનું વાવેતર થતું હતું. ત્યારબાદ એલ.આર. લાલ બટાકા જે વેફરમાં વધુ વપરાય છે તે પસંદગીપાત્ર બનતાં ખેડૂતોએ લાલ બટાકાનું વાવેતરથી આકર્ષાયા છે. બટાકાની ખેતી વધુ ફાયદારૂપ બનતા ૧૦૫ દિવસ બાદ બટાકાનો પાક તૈયાર થતાં ખેડૂતો ટૂંકાગાળાની ખેતીમાં વધુ ઉપજ મળે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. ત્યારે ચિલોડા પંથકમાં એક હજાર વીંઘામાં બાટાકાનું વિક્રમજનક વાવેતર કરતાં ખેડૂતોએ મનમુકી ખેતી પાછળ બિયારણ, દવા, ખાતર, ટપક પદ્ધતિ પિયત ખર્ચ કર્યુ હતુ. તેમજ અગાઉથી બટાકાના પાકના સોદા કરી ભાવ નિયત કરી ચિંતામુક્ત બની રહ્યા છે. હાલમાં ચિલોડા વિસ્તારમાં બટાકા કાઢવાની કામગીરીમાં ખેડૂતો મશગુલ બન્યા છે. દરેક ખેડૂતોએ સહિયારી ખેતપદ્ધતિ અપનાવી બટાકા કાઢવાના ટ્રેક્ટરોના મશીનો, ત્રણ ટ્રેઈલર, ૨૫ થી ૩૦ મજૂરોનો કાફલો-આધુનિક ગ્રેડીંગ મશીનો ટ્રાન્સપોટેશન તરીકે આઈસર ટ્રકો કોલ્ડસ્ટોરેજ, ગોડાઉનો વગેરે સુવિધાઓ સાથે તનતોડ મહેનત કરી રહ્યા છે. આ સાથે ગરમીના દિવસોને લીધે લીલીસીટના વિશાળ મંડપોની વ્યવસ્થા કરવામં આવી છે આમ ચિલોડા પંથકમાં એલ.આર. લાલ બટાકાનું ઉત્પાદનમાં ૩૦૦ મણથી વધુ ઉતારો આવી રહ્યો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. આમ હાલમાં બટાકાનો એક મણનો ભાવ ૨૦ કિલોના ૨૩૦ થી વધુ ભાવે વેચાણ થઈ રહ્યું છે. આમ બટાકાનું ગ્રેડીંગ મશીનો દ્વારા નાના-મોટા બટાકાનું અલગ અલગ કરવામાં નાના બટાકાને ગોલી તરીકે ઓળખાય છે. જ્યારે મોટા બાટાકા જે વેફરમાં ઉપયોગમાં આવે છે આમ ખેડૂતો બટાકા કાઢવાની સીઝન હવે અંતિમ તબક્કામાં ચાલી રહી છે.




સેકટર-૬ના જાહેર શૌચાલયની પાણીનું ઢાંકણ બંધ કરી દેવાયુ છે. જેના કારણે ટાંકામાંથી પાણી ઉભરાઈને બહાર જઈ રહ્યું છે. સતત ઉભરાતા પાણીના કારણે આસપાસ ગંદકી ફેલાઈ છે.

## નેચર ફર્સ્ટ અને સે-૭-એ વસાહત મંડળ દ્વારા ૭ કોથળા પ્લાસ્ટિક વીણવામાં આવ્યું



ગાંધીનગર, તા.૬

નેચર ફર્સ્ટ અને સેકટર-૭-એ વસાહત મડળના સંયુકત ઉપક્રમે પ્લાસ્ટીક મુકત ગાંધીનગર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૭-એ ના નવરાત્રિ ચોક, મહાત્મા ગાંધી ચોક, મુખ્ય રસ્તા અનો શોપીંગ સેન્ટર ખાતો પ્લાસ્ટીક વીણવાનું અભિયાન આદરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ૭ કોથળા પ્લાસ્ટિક ભરીને સફાઈવાનને સોંપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બંને સંસ્થાના અગ્રણીઓ મહેન્દ્રભાઈ ત્રિવેદી, એન.પી. પટેલ, જશવંત ગાંધી, ભદ્રેશભાઈ શાહ, જીલુભા ધાંધલ, જયંતિભાઈ વઘાસીયા, વિનોદ રાવલ, વિપુલ પટેલ, જયેશ પટેલ, સંજય ગાર્ડન, અતુલ અમીન, યુગ ચાવડા, ગોરધન લિમાની, જોય બક્ષી વગેરે કાર્યકરો જોડાયા હતા.

## સાદરાના એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ અડાલજ પર્વના પ્રદર્શનની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના એન.એસ.એસ.ના સ્વયંસેવકો સાથે અડાલજ ત્રિમૂર્તિ મંદિર પટાંગણમાં આયોજિત પર્વના પ્રદર્શન વિભાગની મુલાકાત લીધી. પ્રાકૃતિક ખેતી અને પાંચ પ્રકલ્પ વિશેની માહિતી મેળવી સ્વયંસેવકોએ આ સુંદરતમ માહિતી તેમના ગામ અને સંપર્કના સૌને પહોંચાડશે તેમ સંકલ્પબદ્ધ થયા. કાર્યક્રમના અધિકારી ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટે પણ ગૌ આધારીત પ્રાકૃતિક ખેતી વિશે જાણકારીનો યોગ્ય વ્યાપ વધારવાના પ્રયાસ કરવા સંકલ્પ કર્યો હતો.